૩૪, શારદાનગર, અમદાવાદ
૩૮૦૦૦૭. ૧૪-૬-૯૬

સ્નેહી મહેન્દ્રભાઈ,

તા. ૩-૬-૯૬ નો તમારો પત્ર
મળ્યો. લિપિ-સુધારની પ્રવૃત્તિ અને
આંકડાના ઉચ્ચાર બદલવાની (કે સુધાર-
વાની) પ્રવૃત્તિમાં એક પાયાનો ભેદ
છે: લિપિ - ~~ભા~~ બોલાતી ભાષાને
લખવાની રીત - માણસને ~~અડોશ~~
પડોશના સંપર્કથી મળતી નથી. તે
તો ખાસ પ્રયત્ન કરીને શીખવી
પડે છે. જ્યારે બોલાતી ભાષા -
ઉચ્ચારો - તો સામાજિક સંપર્કથી
અનાયાસે શીખાય છે. ગુજરાતની
~~પંદર~~ સાત વર્ષથી મોટી ઉંમરની સઘળી
વ્યક્તિઓને લખતાં આવડતું નથી
પણ સઘળી ~~વ્ય~~ વ્યક્તિઓ પંદર,
પચાસ, દસ-બાર વગેરે શબ્દોથી
પરિચિત છે કારણ કે આ શબ્દો
"શાળામાં જઈને શીખવવાની"
જરૂર નથી. પણ ઘર, ગામ કે સમાજ
માં અરસપરસના સંપર્કથી તે આ
શબ્દોથી અનાયાસે પરિચિત થઈ
જાય છે.

આમ "લિપિ સુધાર" એ
acquired trait ને સુધારવાની
પ્રવૃત્તિ છે. પણ "આંકડા-ઉચ્ચાર સુધાર"
એટલે તો માતા, કુટુંબ, અડોશપડોશ અને
અન્ય સામાજિક સંપર્ક મારફતે સર્વને

સરખી રીતે મળતી સમતા ~~જે~~માં
એમ થાય અને
* સુધાર કરવો | એ તો ગુજરાતની
સમગ્ર આદિવાસી જનતા ને
અમદાવાદની મધ્યમવર્ગની જનતા
જેવી બનાવવાનો પ્રયત્ન કરવા જેવું
મને તો લાગે છે.

હા શાળામાં બાળક ને
ત્રેવીસ બોલીને ~~૨~~ વીસનો બગડો
લખીને પછી "ત્રે" વાળો ત્રગડો લખવા-
નો ધારો છે તેને માટે હવે તો એક
સરસ પદ્ધતિ વપરાય છે. આપણે
બે એકડા ૧૧, એકડે બગડે ૧૨
બગડે ત્રગડે ૨૩ એમ બોલતા હતા
હવે દસને એક ૧૧, દસને બે ૧૨
વીસને ત્રણ ૨૩, ચાળીસને છ ૪૬
એમ શીખવાય છે,

• બોલાય તો ત્રેવીસ પણ
લખવા માટે વીસને ત્રણ ત્રેવીસ
એમ શીખવાય છે.

Twenty three ને આપણી
આમ જનતા વીસત્રણ કહે તેવો
શક્ય નથી. ~~આમ~~ પણ કહે તો
ત્રેવીસ જ પણ સમજે વીસને ત્રણ
ત્રેવીસ —

લિ.
જ્ઞા. સુ. વૈદ્યનાં
વન્દન